# શાળા-મહાશાળાઓ દ્વારા યોગ દિવસની ઉજવણી



ઈન્ફોસિટી સ્કૂલ



રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ



એસ વી સ્કૂલ



દિલ્હી પબ્લિક સ્કૂલ



બાપુ ગુજરાત નોલેજ વિલેજ



શેઠ એચ એમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા



પ્રેરણા વિદ્યાલય



એચવી અને વીએમ બાલમંદિર

વિશ્વ યોગ દિવસની ઉજવણી ગાંધીનગર ખાતે શાળા-મહાશાળાઓ દ્વારા ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકો પણ મોટી સંખ્યામાં આ ઉજવણીમાં સામેલ થયા હતા. કોઈ શાળા-મહાશાળા દ્વારા પરિસરમાં તો કોઈ દ્વારા વળી જાહેર ઉદ્યાનમાં આ ઉજવણી હાથ ધરવામાં આવી હતી. પ્રાયોગિક યોગ ઉપરાંત યોગ નિદર્શન, યોગ વિષયક વ્યાખ્યાન જેવા વિવિધ કાર્યક્રમો પણ યોગ દિવસની ઉજવણી અંતર્ગત યોજવામાં આવ્યા હતા. વહેલી સવારથી યોગમય બનેલું ગાંધીનગર યોગની ઊર્જાથી સાંજ સુધી ઊર્જામય ભાસતું હતું.

### લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા

## મૅડિકલ સાધન સેવા કેન્દ્રનો શુભારંભ





### જરૂરિયાતમંદ પાંચ દિવ્યાંગોને દિવ્યાંગોને ટ્રાયસીકલનું વિતરણ કરવામાં આવ્યું

લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા લાયન્સ મૅડિકલ સાધન સેવા કેન્દ્રનું ઉદ્‌ઘાટન વરિષ્ટ લાયન સભ્ય નટુભાઈ સોલંકીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જરૂરિયાતમંદ પાંચ દિવ્યાંગોને દિવ્યાંગોને ટ્રાયસીકલનું વિતરણ મેયર પ્રવીણભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ સેવા કેન્દ્રના શુભારંભ પ્રસંગે લાયન પ્રમુખ નયન મધુકરે મુખ્ય દાતા નટુભાઈ સોલંકી મેયર પ્રવીણભાઈ પટેલ, હોમ ક્લબના પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર હરેન્દ્ર શુક્લ તેમજ લાયોનેસ-લીઓ ક્લબને આવકાર આપ્યો હતો અને નગરનોને આ મેડિકલ સાધન સેવાનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી. મેયર પ્રવીણભાઈ પટેલે લાયન્સ ક્લબની આ ઉમદા સેવાની મહેક પ્રસરાવતી પ્રવૃત્તિને બિરદાવી અંગતતેમજ મહાનગર પાલિકાના સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. મૅડિકલ સાધનોના દાતા નટુભાઈ સોલંકીએ જરૂર પડ્યે વધુ આર્થિક યોગદાનની ઑફર કરી હતી.

## કેઍસવી ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનમાં આવકારોત્સવ

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનની ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન અને આર ઍચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ, સૅક્ટર-૨૩, ગાંધીનગરમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનું સ્વાગત કરવા માટે તાજેતરમાં આવકારોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવેશ પામેલા તાલીમાર્થીઓને કુમકુમ તિલક કરી, ગુલાબના પુષ્પો આપી મોઢું મીઠું કરાવી મંગલમય પ્રાર્થનાથી કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના આરંભે ડૉ. જિજ્ઞાસાબેન જોષીએ ઉપસ્થિત મહેમાન ડૉ. સોમભાઈ પટેલ અને ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનનાં ડીન પ્રૉ. વીણાબેન પટેલનો શાબ્દિક પરિચય આપ્યો હતો. આ પ્રસંગે નવા વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.



# પરહિત કાર્યો કરનારાં પરમેશ્વરનાં પ્રતિનિધિ છે

આ સંસારનું ચક્ર જે ચાલી રહ્યું છે તે ઈશ્વરનું જ પ્રબંધન છે એટલે કશી જ બાબત નકામી કે નાની કે નગણ્ય હોતી નથી. સૂર્ય, ચંદ્ર, તારા, વર્ષા, સમુદ્ર, નદીઓ, પક્ષીજગત, વન અને સમગ્ર બ્રહ્માંડમાં જે દશ્યમાન ગતિવિધિ છે તે ઈશ્વર કે કુદરતની મરજી મુજબ જ ચાલી રહી છે. અરે, માનવ પણ અન્ય જીવોની જેમ એક હિસ્સામાં જન્મે-જીવે અને વિદાય લે છે. કુદરતના ક્રમને કદી કોઈ બદલી શક્યું નથી. સુપર પાવર જે વિશ્વને ધબકતું રાખે છે તેની જાણ બહાર કંઈ જ હોતું નથી. ધાર્મિક શ્રદ્ધાવાન લોકો ઈશ્વરની મરજીને પરમ હિતકારી માનીને પોતાના તણાવને ઓછો કરતા જોવા મળે છે.

બધા જ સંપ્રદાયો અને ધર્મમાં ઈશ્વરને સર્વોચ્ચ સત્તા માનવામાં આવી છે. ભલે જોવા કે મળવા નથી શક્ય છતાં ઈશ્વર સનાતન તત્ત્વ છે, જે ઉત્પત્તિ, સ્થિતિ અને લયમ માટે આખરી અને અવિચલ છે. રાચરિત માનસની એક ચોપાઈ મુજબ આ છ બાબતો ઉપર ગ્લાની કિરવી નહીં. જેમ કે જન્મ, મૃત્યુ, જશ, અપજશ, હાનિ, લાભ. કેમ કે આ બાબતો ઈશ્વરના અંકુશમાં જ છે. જીવન



જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

મળે અર્થાત સમય જે જીવનનો પ્રાપ્ત થયો એ નિશ્ચિત છે. હવે આ સમયને અવસરમાં બદલવો કે માત્ર આપત્તિઓમાં એ માણસાની વિવેકબુદ્ધિ પર અવલંબે છે. કવિ બેફામનો શેર સુંદર હકીકત રજૂ કરે છે -

કોણ જાણે કેટલો
તરસ્યો હતો કાળ પણ
ધીરે ધીરે એ
મારા વરસને પી ગયો

કાળ અંતે કાળધર્મમાં ખેંચી જાય એ પહેલાં માનવ જન્મનું મૂલ્ય જો વાસ્તવમાં સમજાઈ જાય તો સત્‌કર્મ, પરહિત કે સેવા કરવાનું અવશ્ય સૂઝે અને આ કામ થાય ત્યારે ભગવાન ખુદ વ્યક્તિને બળ અને બુદ્ધિ આપે છે.

અન્યને પીડા આપવી એ અધમતા છે તો પરહિત એ જ ધર્મકાર્ય છે. એટલે હાલના વિશ્વમાં જે ભયાનક ઉગ્રવાદ નિર્દોષ લોકોની હત્યાઓ કરી રહ્યા છે તે સૃષ્ટિના સર્જકની મરજી વિરુદ્ધનું કાતિલ કર્મ છે. આતંકવાદનાં તત્ત્વોને નથી માનવજીવનની કદર કે નથી ખુદાના કોપની કોઈ શર્મ કે ડર. એટલે સર્વત્ર અજંપો, ડર અને અશાંતિ વ્યાપી છે. જ્યારે માણસ અન્ય માટે ભલું કાર્ય કે મદદ કરે છે ત્યારે તે ઈશ્વરનો પ્રતિનિધિ હોય છે. માણસ વિશે માપદંડ હજી સુધી શોધી શકાયું નથી. કવિશ્રી રમેશ પારેખના શબ્દોમાં વાસ્તવિકતા રજૂ થઈ છે -

બધાનો આવતો
સરખો વિચાર હોઈ શકું
અગર વિચારના
વર્તુળની બહાર હોઈ શકું
હું કોઈ નક્કી નથી
કે મને વિચારી શકો
જીવું ને જિંદગીમાંથી
ફરાર હોઈ શકું

તમે અને માત્ર તમે તમારા જીવનના મુકામ માટે યોગ્ય નિર્ણય લેનારા છો. સમય જ ઉત્તમ ગુરુ હોય છે. જે કંઈ તે શીખવે છે તે શીખી લેવું એ જ જીવનસાફલ્ય કહેવાય છે. આજના કપરા કાળમાં પણ ઘણાં સદાવ્રતો, અનાથાશ્રમો, વૃધ્ધાશ્રમો ચાલી રહ્યાં છે. જ્યાં વહાલની વહેંચણી થાય છે. સંવેદનાને સંવેદના મળે તો વેદના મરી જાય અને જીવનમાં સ્નેહની કૂંપળો ફૂટે છે. માત્ર કમાતા રહેવું એ કોઈ સાચા જીવનની ઓળખ નથી. બીજાના સુખમાં આપણું સુખ શ્વાસ લેતું હોય છે અને લાખ ઉપાય કરો પરંતુ જ્યાં સુધી ઈશ્વરકૃપા ન થાય ત્યાં સુધી મંઝિલ મળે જ નહીં. સાગર નવસારવીનો સુંદર શેર છે-

એ જ તો રાઝ છે ફકીરીનો
હોય કંઈ ના ને આપવા લાગે
તલપ હોય તો એ તળાવ સુધી

દોડાવીને લઈ જાય છે. બીજાના આંસૂ લૂછવામાં જે દિલને આનંદ થાય તે સમૃદ્ધિના ઢગલાથી પણ ના થાય એ સમજવું જરૂરી બન્યું છે.

માનવધર્મ સૌથી મહાન છે. ત્યાં કપટ, ક્રૂરતા, દંભ, ડર કે શત્રુતાને કોઈ સ્થાન નથી. સુખોની લાલચ દુખોને જ જન્મ આપતી રહે છે. અહંકાર મેં તીન ગયે - ધન, વૈભવ ઔર વંશ, ના માનો તો દેખ લો રાવણ, કૌરવ ઔર કંસ! ગની દહીંવાલાની અદ્‌ભૂત રચનાના શબ્દો નોંધવા જેવા છે -



ના ધરા સુધી ના ગગન સુધી
ના ઉન્નતિ, ના પતન સુધી
બસ આપણે તો જવું હતું
ફકત એકમેકનાં મન સુધી

બીજાનું સારું કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિ દિલમાં હોય તો ઈશ્વરને પણ મુશ્કેલીમાં આપણી મદદ કરવા આવવું પડે. દશાનની અને દાશરથી એમ બે પ્રકારની મનોવૃત્તિ ઉપર જ આ માનવ વ્યવહારો ચાલતા હોય છે. બહુમતિ કરતાં સહમતી વધુ સફળ થાય છે. મોંઘવારી અને તણાવના યુગમાં પ્રત્યેક વ્યક્તિ પ્રણ લે કે એ પોતાના માનવ જીવનને ન્યાય આપવા દિલથી પ્રયાસ કરશે, તો બસ. ઈશ્વર પણ આપણા જીવનમાં હરપણ સાથે રહેશે.

શેર આસ્વાદ

મારી હસ્તી મારી પાછળ
એ રીતે વિસરાઈ ગઈ
આંગળી જળમાંથી નીકળી
ને જગા પુરાઈ ગઈ.
(ઓજસ પાલનપુરી)